## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૫/૦૩/૨૦૨૩ થી તા. ૧૧/૦૩/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૭/૨૦૨૩ તા.૦૬/૦૩/૨૦૨૩ :-**

તા-૦૬/૦૩/૨૦૨૩ ના રોજ આર.પી.એફ દ્વારા એક છોકરો તથા એક છોકરી સુરત રે.પો.સ્ટે.મા પી.એસ.ઓ શાંતીલાલ કાળુભાઇ નાઓ પાસે રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓને સોપતા તેઓએ તેમના નામ ઠામ ઉછતા પોતે પોતાનુ નામ શીતલ ડૉ/ઓ જીગ્નેશભાઇ જાતે જોગી ઉ. વ. ૦૯ ધંધો અભ્યાસ રહે અમરોલી આવાસ સુરત તથા સદર બાળકીનો ભાઇ નામે જયેશ જીગ્નેશ જાતે જોગી ઉ. વ. ૧૨ ધંધો અભ્યાસ રહે સદર વાળાઓએ જણાવેલ કે તેઓના માતા-પિતા બન્ને બાળકોને વાપી લઇ ગયેલ હતા પરંતુ બાળકોને તેઓ પાસે ગમતુ ન હોય અને નાનપણથી નાના નાની પાસે રહેતા હોય જેથી તેઓ વાપીથી ટ્રેનમાં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા તેઓના જણાવેલ સરનામે સુરત પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી તથા ચાઇલ્ડ લાઇન સ્ટાફ તેમજ આર.પી.એફ.નો સ્ટાફ જઇ તપાસ કરતા તેઓના નાના નાની મળી આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બન્ને બાળકોનો કબ્જો તેના નાના-નાની ને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૦/૨૦૨૩ તા.૦૮/૦૩/૨૦૨૩ :-**

તા-૦૮/૦૩/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે એક મહિલા તેના બાળક સાથે આવી જણાવેલ કે તેનો પતિ તેઓને દારૂ પીને માર મારતો હોય અને ઘર માંથી જતા રહેવાનુ કહી ઘરને તાળુ મારીને ક્યાક જતો રહેલ હોવાનુ જણાવતા સદર મહિલાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શિવાની વા/ઓ રવિ જાતે તિવારી ઉ.વ. ૨૪ ધંધો ઘરકામ રહે. પ્લોટ નં ૪૧૭ ગોટાલાવાડી કતારગામ રોડ સુરત મુળ કાપારામપુર થાના કનઇ જી પ્રતાપગઢ યુપી તથા તેનુ બાળક નામે સાર્થેક તિવારી ઉ.વ.૧/૬ વર્ષ નો હોવાનુ અને તેના પતિ અવાર નવાર ઝઘડો કરી ક્યાક જતો રહે છે તેમ જણાવતા સદર મહિલાને તેના માતાપિતા વિશે પુછતા તેની માતા પ્રયાગરાજ યુ.પી માં રહેતી હોય તેની માતા સાથે મોબાઇલ નં ૯૩૩૩૫૦૬૧૨૧૨ ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે અત્યારે તેઓના બાળકોની બોર્ડની પરીક્ષા શરૂ હોય જેથી તે આવી શકે તેમ નથી તેમ જણાવતા સદર મહિલાના પતિને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન બોલાવી સમજાવી તેના પતિ નામે રવિ સ/ઓ જગદીશપ્રસાદ જાતે તિવારી રહે પ્લોટ નં ૪૧૭ ગોટાલાવાડી કતારગામ રોડ સુરત વાળાનુ નિવેદન તથા યોગ્ય અધાર પુરાવા મેળવી પતિપત્ની વચ્ચે સમાધાન કરાવી સદર મહિલા તથા બાળકનો કબ્જો તેના પતિને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૨/૨૦૨૩ તા.૦૯/૦૩/૨૦૨૩ :-**

તા-૦૯/૦૩/૨૦૨૩ ના રોજ પી.એસ.ઓ એ.એસ.આઇ શાંતીલાલા કાળુભાઇ નાઓએ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓને ફોન કરી જણાવેલ કે એક બાળકીને આર.પી.એફ પેટ્રોલીગ સ્ટાફના જીતેંદ્ર મચ દ્વારા ટ્રેન નં ૧૨૯૦૩ ટ્રેનના જનરલ ડબ્બામાથી મળી આવતા બાળકીને મેમો સાથે સુરત રે.પો.સ્ટે.મા રજુ કરેલ છે જે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા હુકમ કરેલ હોઇ જેથી વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ પો.સ્ટે. આવી સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મનુશ્રી ડો/ઓ બાલાજી જાતે દેસાઇ ઉ. વ. ૧૪ ધંધો અભ્યાસ રહે. ૫૦૮, પાચમો માળ, વિગેંશ બિલ્ડીગ સાનેગુરૂજી રોડ મહાલક્ષ્મી સાત રસ્તા મુબંઇ વાળી હોવાનુ અને તે આજથી એકાદ વર્ષ પહેલા હિમેશ નામના છોકરા સાથે સોશ્યલ મીડીયા ડીસ્કોર્ડ ઉપરથી ઓળખાણ થયેલ હતી અને હુ તેની સાથે અવાર નવાર ચેટીગ કરતી હતી ત્યારે હુ હિમેશને બધી વાત તેના મો.નં. કરતી હતી અને આજરોજ તેનો ફોન આવતા હુ દિલ્હી જવા નિકળેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેની માતાનો સંપર્ક નંબર મેળવી મોબાઇલ નંબર ઉપર વાત કરતા તેઓએ જણાવેલ કે તેઓની દિકરી ગુમ થયા અંગેની ભાઇ પાડા પોલીસ સ્ટેશન માં કમ્પ્લેન લખાવેલ હોય જેથી ભાઇ પાડા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ના મોબાઇલ નંબર ૮૩૬૯૫૫૦૮૭૩ ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે ભાઇપાડા પો.સ્ટે.મા ગુ.ર.નં ૧૦૮/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો તા. ૦૮/૦૩/૨૩ ના રોજ દાખલ થયેલ હોય જેથી સદર બાળકીને લેવા માટે પો.કો. નિતીન દિવટે...

...બ.ન. ૧૪૦૦૯૯ તથા સદર બાળકીના મામી નામે સવિતા ગાયકવાડ તથા બાળકીના પિતા નામે બાલાજી દેસાઇ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા સદર ગુનાની એસ.આઇ આર. તથા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો ભાઇપાડા પોલીસ તથા પરીવારને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૧/૨૦૨૩ તા.૧૧/૦૩/૨૦૨૩ :-**

તા-૧૧/૦૩/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ નીતીનભાઇ ગુણંવતભાઇ નાઓએ જણાવેલ કે એક મહિલા તથા એક પુરૂષ મધ્યપ્રદેશથી ભાગીને આવેલ હોય જે બાબતે યોગ્ય કાર્યવાહી કરશો તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ સદર મહિલાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ દિપા વા/ઓ ઓમપ્રકાશ જાતે આહેરબાર ઉ.વ. ૧૮ ધંધો ઘરકામ રહે ભટરકા થાના પલેરા જી ટીકમગઢ રાજ્ય મધ્યપ્રદેશ તથા તેની સાથે તેની બાળકી નામે પરીધી ઉ.વ. આશરે પાચ મહીનાની હોવાનુ અને તેના લગ્ન આજથી ચારેક વર્ષ પહેલા તેઓના સમાજના રીતરીવાજ મુજબ થયેલ હતા અને તે પહેલા રૂપેંદ્રા નામના છોકરા સાથે પ્રેમ સંબધ બધાયેલ હતા જેથી તા ૦૫/૦૩/૨૦૨૩ ના રોજ તે ઘરેથી જાણ કર્યા વગર તેના પ્રેમી સાથે નિકળી આવેલ હતી અને સુરત શહેર વિસ્તારમાં રહેતા હતા અને આજરોજ પ્રેમી મિત્રના પિતા આવી અમોને વતન લઇ જતા હોવાનુ જણાવતા હોય જેથી વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ પલેરા પોલીસ સ્ટેશનમા સંપર્ક કરતા તેઓના પોલીસ સ્ટેશનમાં ગુમ મીસીગ નં ૧૨/૨૦૨૩ તા ૦૫/૦૩/૨૦૨૩ ના રોજ કમ્પ્લેન દાખલ થયેલ હોય જેથી સદર પોલીસ સ્ટેશનના પોલીસ માણસો તથા સદર મહિલાનો પતિ તેઓને લેવા આવનાર હોય જેથી તેઓ ન આવે ત્યા સુધી સદર મહિલાને સખી વન-સ્ટૉપ સેંટર ન્યુ સીવીલ હોસ્પીટલ સુરત ખાતે મુકવામાં આવેલ અને સદર પુરૂષ ભુપેંદ્રસિહ અમરસિહ જાતે પઢીયાર ઉ.વ. ૨૧ ધંધો મજુરી રહે ગામ ભટરકા થણુ પોલેરા જી ટીકમગઢ મધ્યપ્રદેશ વાળાને તેઓના પોલેસ સ્ટેશન માંથી લેખીત રીપોર્ટ આપતા સદર પુરૂષને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૮/૨૦૨૩ તા.૧૧/૦૩/૨૦૨૩ :-**

તા-૧૧/૦૩/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે ઉધના આઉટ પોસ્ટ.માં ફરજ બજાવતા હે.કો. મશરૂભાઇ કરમશીભાઇ નાઓએ જણાવેલ કે સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ માંથી વર્ધી આવેલ છે જેમા એક સ્ત્રી આત્મહત્યા કરવા આવેલ છે તેવી હકીકત જણાવેલ બાદ સદર સ્ત્રી ને ઉધના રેલ્વે સ્ટેશન ઉપર તપાસ કરતા સદર સ્ત્રી મળી આવેલ હોય જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ આરતી વા/ઓ જયેશ જાતે વાઘ ઉ. વ. ૨૩ ધંધો ઘરકામ રહે શિવક્રુપા નીલગીરી ૨૮૨ ગોડાદરા સુરત વાળી હોવાનુ અને અમારા પતિ-પત્નિ વચ્ચે અવાર-નવાર ઝઘડો થતા તે સવારના ઘરેથી કોઇને જાણ કર્યા વગર નિકળી ઉધના રેલ્વે સ્ટેશન ઉપર આવીને બેસેલ અને તેણીના સાસુ તથા પતિ ઘરે લઇ જવા માગતા હોય પરંતુ તેણી ઘરે જવા માગતી ન હોઇ અને પોતે આત્મહત્યા કરવાની ધમકી આપતી હોવાનુ જણાવતા બાદ તેણીને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવી તેના સાસુને સમજાવી સદર સ્ત્રીના પતિ નામે જયેશ વિલાસ જાતે વાઘ રહે શીવક્રુપા સોસાયટી ગોડાદરા લીમ્બાયત સુરત નાઓના મો.નં ૯૬૩૮૦૮૦૪૬૬ સંપર્ક કરી તેઓને સુરત રે.પો.સ્ટે. બોલાવી તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાનો કબ્જો તેના પતિને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા